જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૨૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૮	૦	૧૧૭૨૮	૧૭૮૩૮	૦	૧૭૮૩૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૨	૧	૧૨૩	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૫૨૩	૩૫	૭૪૫૫૮	૭૫૬૨૮	૩૮	૭૫૬૬૬
કુલ		૯૧૧૦૬	૩૬	૯૧૧૪૨	૧,૦૦,૧૪૫	૩૮	૧,૦૦,૧૮૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૪૪	૫,૪૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦૯	૩,૦૯,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ગેરકાયદેસરના ભારતીય બનાવટના વિદેશીદારૂની કાચની ૭૫૦ મિલીની સિલબંધ બોટલ નંગ-૫૨ કિ.રૂ.૨૬૦૦૦/-ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ મળેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા જણાવતાં સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૬૫૦૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ બ.નં.૫૦૯૭ તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે “બાગેકૌશર ગ્રીનપાર્ક સોસાયટીની પાસે આવેલ સુફીયાનપાર્ક મ.નં.એ/૧૩ મા રહેતો નજીરખાન ઉર્ફે કાંચો નસીમખાન પઠાણ નામનો ઈસમ પોતાના ઘર આગળ કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ લાવેલ છે અને હાલમાં વેચાણની પ્રવુતિ ચાલુ છે ”જે બાતમી હકિકત આધારે પંચો રૂબરૂ રેઈડ કરતા આરોપી નજીરખાન ઉર્ફે કાંચો નસીમખાન પઠાણ રહે.મ.નં.એ/૧૩ સુફીયાનપાર્ક ગ્રીનપાર્ક સોસાયટીની પાસે બાગેકૌશર નારોલ અમદાવાદ શહેરનાનો તેના ઘરની આગળ ખાટલા ઉપર બેસી વિદેશીદારૂનુ વેચાણ કરતો જણાયેલ અને સદર જગ્યાએથી ભારતીય બનાવટના વિદેશીદારૂની ૭૫૦ મિલીની કાચની સિલબંધ બોટલ નંગ-૫૨ કિ.રૂ.૨૬૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી તેના વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૯૧૪/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫)એ)(ઇ(, ૧૧૬)બી(,મુજબનો ગુનો દાખલ કરેલ બાદમાં આરોપી નજીરખાન ઉર્ફે કાંચો નસીમખાન પઠાણ રહે.મ.નં.એ/૧૩ સુફીયાનપાર્ક ગ્રીનપાર્ક સોસાયટીની પાસે બાગેકૌશર નારોલ અમદાવાદ શહેરનો મળી આવતા તા-૦૬/૧૨/૨૦૨૧ ના કલાક ૧૬/૧૫ વાગે પકડી અટક કરી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૬/૧૨/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન :

મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧)શાહીબાગ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૩૧૨૧૧૬૬૧/૨૦૨૧ ઇપીકો. કલમ ૩૭૯ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૧૧૩૩૫/૨૦૨૧ ધી ઇપીકો. કલમ ૩૭૯ મુજબના કામે પકડાયેલ આરોપી અરુણ સ/ઓ રાજેશભાઇ શંકરભાઇ પટ્ટણી ઉં.વ.૨૦ રહે:તારવાળી ચાલી ,જોગણીમાતાના મંદિર પાસે, હોળી ચકલા ચાંમુડાબ્રીજ ના છેડે ચમનપુરા, શાહીબાગ અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ નંબર પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૭૨૯/૨૦૨૧ તા.૦૬/૧૨/૨૦૨૧ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૦૬/૧૨/૨૦૨૧ ના કલાક ૧૮/૩૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪

(૨) અ.લો.૨.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬

આરોપી અરુણ સ/ઓ રાજેશભાઇ પટણી



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૨૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૨૨ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બીયરટીન, ૧ કાર, ૧ રીક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૨૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૨૨૨૫/૨૦૨૧**

સાબરમતીઃ ત્રાગડ ઓમ પાર્ટી પ્લોટની બાજુમા "મધુરમ બ્લોસમ" નામની સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ સેન્ટીંગનુ કામ કરતા ભરતભાઇ રાયસીંગભાઇ પટેલ (ઉ.વ.૩૨)(રહે,પીપલોક ગામ, તા.દેવગઢ બારીયા જી.દાહોદ) નાઓ તા.૦૨/૧૨/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગે સાઇટ ઉપર સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે "સી" બ્લોકના પહેલા માળેથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજા થતા સારવાર અર્થે તેમને સીવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૨/૨૦૨૧ ના કલાક ૩/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

અમરાઇવાડીઃ અમરાઈવાડી "શરણમ-૬" નામની સાઇટ ઉપર કામ મનજીતભાઇ રામકેવલ યાદવ (ઉ.વ.૨૩)(રહે, ઉમંગ ફ્લેટ રંગોલીનગર નારોલ સર્કલ પાસે નારોલ)(મુળ વતનઃ ચ્યુટાપુરા ગામ તા.બેલથરારોડ થાનાઃ ભીમપુર જી.બલીયા ઉત્તર પ્રદેશ) નાઓ તા.૦૫/૧૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગે સાઇટ ઉપર બ્લોક ની લોડીંગ લીફ્ટ તુટતા મનજીતભાઇને શરીરે ગંભીર ઇજા થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૨૬/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટઃ અરવિંદભાઇ કાળુભાઈ મકવાણા (ઉ.વ.૩૪)(રહે.સીગ્નેચર સંપદ ફ્લેટ, ઉજાલા સર્કલ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૧ ના કલાક ૮/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે રીવરફ્રન્ટના પશ્ચીમ કિનારે વોકવે નીચે ઘાટ નં-૦૮ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ સ્વાતિબહેન મહેન્દ્રભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૪)(રહે.મહાશક્તિ સોસાયટી હીરાવાડી બજરંગ આશ્રમ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૧ સવારના ૧૦/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરના રસોડામાં પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

અમરાઇવાડીઃ ભરતભાઇ દલાભાઇ જાદવ (ઉ.વ.૫૨)(રહે.કૈલાસધામ સોસાયટી જોગેશ્વરી રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૧ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

નારોલઃ(૧) જગદીશકુમાર અમરતભાઇ મકવાણા (ઉ.વ.૨૭)(રહે.હરીનગર મોતીપુરા ચાર રસ્તા પાસે, શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૧ ના કલાક ૮/૩૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે લોખંડની અંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

નારોલઃ(૨) નારોલ વિલ્સમ હોટલની ગલી, સુદામા એસ્ટેટ “મોહિત ઇન્ડસ્ટ્રીઝ” ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા જેમ્સ ડેવીડભાઇ ક્રીશ્ચીયન (ઉ.વ.૫૩) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે “મોહિત ઇન્ડસ્ટ્રીઝ” કંપનીના પ્રથમ માળે આવેલ રૂમમાં પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.